ક્રમાંક:રાપબો/પરિપત્ર/જ્ઞા.સ.સ્કો.પરીક્ષા-૨૦૨૩/૭૨૯૦-૭૩૮૪

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૦૭/૦૬/૨૦૨૩

<u>પરિપત્ર:-</u>

'જ્ઞાન સાધના સ્કૉલરશીપ યોજના' અંતર્ગત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામાં ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૩-૨૪/૫૭૬૯-૫૮૭૭,તા-૧૦/૦૫/૨૦૨૩ થી સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૮ નો સળંગ અભ્યાસ કરી ધોરણ-૮ માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય અથવા આરટીઈ એકટ ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી)ની જોગવાઈ હેઠળ સ્વનિર્ભર શાળાઓમાં ૨૫% ની મર્યાદામાં જે તે સમયે ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ ધોરણ - ૮માં અભ્યાસ કરતા હોય કે ઉત્તીર્ણ થયેલ હોય, અને તેમના વાલીની આવક આરટીઈ એક્ટ, ૨૦૦૯ની કલમ ૧૨(૧)(સી) હેઠળ પ્રવેશ માટે નિયત થયેલ આવક મર્યાદા હાલ શહેરી વિસ્તાર માટે રૂ! ૧,૫૦,૦૦૦ (એક લાખ પચાસ હજાર) અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ! ૧,૨૦,૦૦૦ (એક લાખ વીસ હજાર) કરતા વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે ધોરણ-૯ થી ૧૨ ના અભ્યાસ માટે "જ્ઞાન સાધના સ્કૉલરશીપ પરીક્ષા"-૨૦૨૩ તા.૧૧/૦૬/૨૦૨૩ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનું આયોજન કરેલ છે.

જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા **<u>તા:૧૧/૦૬/૨૦૨૩ ના રોજ ૧૧:૦૦ થી ૧૩:૩૦ કલાક</u>** <u>દરમ્યાન રાજ્યના **તમામ** તાલુકા કક્ષાએ **યોજવામાં આવશે.**</u> આ પરીક્ષાની હોલ ટિકીટ તા:૦૭/૦૬/૨૦૨૩ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાકથી રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org તથા સમગ્ર શિક્ષાની કચેરીના પોર્ટલ https://schoolattendancegujarat.in/ પરથી શાળાના આચાર્ય/શિક્ષકની મદદથી ડાઉનલોડ કરી શકાશે. જેની સબંધિતોએ નોંધ લેવા વિનંતી.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ. (સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારુ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ.
- જનરલ મેનેજરશ્રી,ઇન્ડેક્ષ-બી, ઉધોગ ભવન,ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. સચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.